અહીં આપેલ સમાચારો આપના લોકપ્રિય સામયિકમાં પ્રસિદ્ધ કરવા માટે છે...

विश्व संवाद केन्द्र

સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે

૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૯૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com
Website : www.vskgujarat.com

વર્ષ : ૪ અંક : ૯૫ દિનાંક : ૧.૩.૨૦૧૯ સંપાદક : ડૉ. કનુભાઈ જોષી

## દિલ્હીમાં તૈયાર થયેલું રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક (નેશનલ વૉર મેમોરિયલ) રાષ્ટ્રને સમર્પિત

દેશની આઝાદીમાં, ૧૯૪૭, ૧૯૬૨, ૧૯૭૧ના યુદ્ધમાં, શ્રીલંકા શાંતિ સેનામાં, કારગીર યુદ્ધમાં, હાલમાં પુલવામામાં થયેલ આતંકી હૂમલામાં અને દેશની સરહદોમાં તથા દેશમાં શહીદ થયેલ જવાનોના કાયમી સંભારણા માટે, તેમની બહાદૂરીને દેશ પેઢીઓ સુધી યાદ કરે તે હેતુથી દિલ્હીમાં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકનું નિર્માણ થયું છે. આ સ્મારકમાં ૨૫૯૪૨ શહીદોનાં નામ સુવર્ણ અક્ષરોથી લખાયા છે. આ યુદ્ધ સ્મારક પાછળ ૧૭૬ કરોડ રૂપિયાનું ખર્ચ થયું છે. હજુ સ્મારકનો વિસ્તાર કરીને એક પર્યટક સ્થળ તરીકે વિકસાવવાનું કામ ચાલી રહ્યું છે. અત્રે સ્મરણ રહે કે ૧૯૭૧માં બ્રિટીશરો દ્વારા અમર જવાન જ્યોત શહીદ સ્મારક તેના સ્થાને કાયમ સંભારણું તો છે જ. પણ આ વિશિષ્ટ નૂતન રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને સમર્પિત કર્યું છે.

## ભારતીય વાયુસેનાએ પાકિસ્તાને હડપ કરેલા કાશ્મીરમાં આતંકવાદીઓના અડ્ડાઓ ઉડાવ્યા

ભારતીય વાયુસેનાના ૧૨ મિરાજ વિમાનોના બહાદુર પાયલોટોએ વિના અન્ય જાનહાનિ તથા નુકસાન સિવાય POK સ્થિત બાલકોટ, મુઝફ્ફરાબાદ તથા ઈસ્લામાબાદના જૈશના આતંકવાદીઓના અડ્ડાઓને મંગળવાર તા. ૨૬-૨-૨૦૧૯ની વહેલી સવારે ૧૦૦૦ કિલોના બોમ્બ વરસાવી ખતમ કર્યા હતા. પુલવામાં હુમલાના શહીદોને ખરી શ્રદ્ધાંજલિ અર્પી આ જાંબાજ પાયલોટોએ અંદાજે ૩૫૦ આતંકીઓને ઠાર માર્યા છે. વિશ્વ તથા દેશમાં આ શૌર્ય માટે લોકોએ ભારતીય સેના, વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા દેશની સંરક્ષણ મસિતિને હર્ષોલ્લાસથી વધાવી હતી. ભારતીય વાયુ સેનાએ હેરોન ડ્રોનની મદદથી આ ત્રણે આતંકી કેમ્પોનો ઝીણવટભર્યો અભ્યાસ કરી નાશ કર્યો હતો. આ વિસ્તારના રહીશો સંપૂર્ણ સલામત હોવાનું જાણી પાકિસ્તાન પણ હેબતાઈ ગયું છે. આ માટે વાયુસેનાએ ૨૦૦ કલાકની તૈયારી પછી માત્ર ૨૧ મિનિટમાં જ આ એટેકને અંજામ આપ્યો હતો. દેશ તથા વિદેશના મીડિયાઓએ આ દિવસની નોંધ લીધી છે, અને ભારતના આ હુમલાની પ્રશંસા કરી છે.

## પૃથ્વીનાં ઉત્તર ધ્રુવ તરફનું મેગ્નેટિક ફિલ્ડ ઝડપથી બદલાઈ રહ્યું છે. પૃથ્વીના વૈજ્ઞાનિકોએ વર્લ્ડ મેગ્નેટિક મોડલને અપડેટ કર્યું

પૃથ્વીના પેટાળમાં રહેલ વિદ્યુત-ચુંબકી અસરો ઉપજાવતા દ્રવ્યોની હિલચાલને કારણે પૃથ્વીના વાતાવરણમાં વિદ્યુત-ચુંબકીય વાતાવરણ સતત બદલાઈ રહ્યું છે. પરિણામે વિમાની તથા સમુદ્રી જહાજોને ચોક્કસ નિર્ધારિત સ્થાન શોધવામાં

અડચણો ઊભી થઈ છે. ખાસ કરીને દરિયામાં લાંબી મુસાફરી કરતા જહાજોને નિર્ધારિત સ્થળે અને સમયે પહોંચવામાં નેવિગેશન ઉપકરણોનું અપડેટ થવું આવશ્યક છે. નહિતર દરિયાઈ તથા હવાઈ મુસાફરી માટે આર્થિક અને સમયનું નુકસાન થવાનો પૂરો સંભવ રહે છે. પૃથ્વીના વૈજ્ઞાનિકો જીપીએસ સટિક ગણના પ્રમાણે અભ્યાસ કરી દેશોમાં આ વર્લ્ડ મેગ્નેટિક મૉડલ બહાર પાડે છે. ૨૦૧૮માં અમેરિકા તથા બ્રિટનના વૈજ્ઞાનિકોની સાથે વિશ્વના દેશોના વૈજ્ઞાનિકોએ જૂના સમયના આ મૉડલને કારણે ઉદ્‌ભવતી સમસ્યાઓ જણાવી હતી. જેથી આ મૉડેલને અપડેટ કરવાની જરૂરિયાત ઊભી થઈ હતી. ૩૧ જાન્યુઆરી સુધીમાં આ સંબંધિત વૈજ્ઞાનિકોએ આ મૉડેલ અપડેટ કરવાની ખાત્રી આપી છે અને નવું મૉડેલ અપડેટ તૈયાર થયું છે જે તેની સંપૂર્ણ ચોકસાઈના આખરી તબક્કામાં છે.

## રેલવેના મુસાફરો સમગ્ર વિશ્વના ડિજિટલ છાપા અને સામાયિકો સહેલાઈથી વાંચી શકશે

ભારતીય રેલ્વે પણ અતિ આધુનિક થવા માંડ્યું છે. રેલ્વેની જે વેબસાઈટથી ટીકટનું બુકીંગ થાય છે તેની સાથે મુસાફર પોતાની પસંદગીનું છાપું તથા સામાયિક નોંધાવે તો તે તેની મુસાફરી દરમિયાન ડિજિટલ સ્વરૂપમાં ઉપલબ્ધ થશે. આ માટે મુસાફરે એક દિવસના રૂ. ૨૦થી એક વર્ષના રૂ. ૪૯૯ ભરી અનલિમિટેડ વાંચન કરી શકાશે.

## સોશિયલ મીડિયાની ત્રણ મહત્વની એપ્લિકેશન ફેસબુક મેસેન્જર, વૉટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ મર્જર થશે

ફેસબુકના માલિક માર્ક ઝકરબર્ગ તેમની માલિકીની ત્રણે સોશિયલ મીડિયાની એપ્લિકેશન એક કરશે. આ ત્રણે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતા ગ્રાહકોને જે સામાન્ય મુશ્કેલીઓ નડે છે તે નિવારવા માટે માર્ક આ પગલું ભરશે. પૃથ્વીની ૩૫ ટકા વસતીની માહિતી આ એકીકરણથી એક સાથે મળવાની સંભાવના છે. પોતાની માહિતીની પ્રાઈવસી માટે લોકોની ફરિયાદ હતી. આ ત્રણે એપ્લિકેશનો વધુમાં વધુ ઉપયોગ થાય તે હેતુથી માર્કે આ નિર્ણય કર્યો છે. વધુ સમય આપો અને વધુ જાહેરાતો મેળવો તેવી સેવા આ એકીકરણમાં છે. છતાં માહિતી લીક થવાની સંભાવના ૧૦૦ ટકા નિવારી શકાય તેમ નથી.

## ચંડીગઢમાં રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ તથા ભાજપ સાથે જોડાયેલ, કચરો વીણનાર રાજેશ કાલિયા ૨૫મા મેયર બન્યા.

સોનીપતના એક નાનકડા ગામમાં જન્મેલા રાજેશ કાલિયાનું જીવન ગરીબી અને અછતમાં પસાર થયું હતું. તે એક વેળાએ ચંડીગઢમાં તથા આસપાસના વિસ્તારોમાંથી કચરો વીણવાનું સેવાકાર્ય કરતા હતા. ૧૯૭૫માં તેમને તેમના પિતા ચંડીગઢમાં લાવ્યા હતા. પિતા સફાઈ કામદારનું કામ કરતા હતા. તેમણે પુત્રને ૧૨માં ધોરણ સુધી ભણાવ્યો હતો. છતાં રાજેશે હિંમત હારી નહિ તેણે ૨૦૧૧માં નગર નિગમની ચૂંટણીમાં ઝંપલાવ્યું પણ તેમાં તેની હાર થઈ. છતાં તે સતત સફાઈનું સેવાકાર્ય કરતા રહ્યા. ફરી ચૂંટણીમાં ઊભા રહ્યા અને ૨૦૧૬માં ચૂંટણી જીતીને ચંડીગઢ મ્યુનિસિપાલીટના કાઉન્સિલર બન્યા. શ્રી કાલિયા ૧૯૮૪માં RSS અને ભાજપના સંપર્ક રહ્યા. રાજન્મભૂમિ આંદોલન દરમિયાન તેમને ૧૫ દિવસ આગ્રાની જેલમાં પણ રહેવું પડ્યું હતું. શ્રી કાલિયા અનેક વિવાદોથી ઘેરાયેલા રહ્યા. હમણાં શ્રી કાલિયા જંગી બહુમતી તથા લોકમતથી ચંડીગઢના ૨૫મા મેયર બન્યા છે. શ્રી કાલિયાએ ચંદીગઢના ડડુમાગજાના ડમ્પિંગ ગ્રાઉન્ડને દૂર કરવાનું મોટું કામ ઉપાડ્યું છે.

## અમેરિકામાં ભારતીય સંસ્કૃતિ તથા જૈનદર્શન માટે યોગદાન આપનારનું ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે બહુમાન કર્યું

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે અમેરિકામાં ભારતીય સંસ્કૃતિ અને જૈનદર્શનના અપ્રતિમ પ્રચાર-પ્રસાર

માટે મહત્વનું યોગદાન આપનાર સર્વ શ્રી વિનોદ કપાસી, નરેશ શાહ, ડૉ. મણિભાઈ મહેતા અને પ્રવિણભાઈ શાહને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ એનાયત કર્યા છે. આ પ્રસંગે કુમાળપાળ દેસાઈ, મનુભાઈ શાહ તથા ગુર્જર પરિવાર ઉપસ્થિત હતા.

## ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU)ના ૮મા કોન્વોકેશનમાં ડૉ. ભાટકરનો આશાવાદ

ભારતમાં ૧૯૯૧માં પ્રથમ સુપર કોમ્પ્યુટર તૈયાર કરનાર અને કોમ્પ્યુટર સાયન્ટિસ્ટ ડૉ. વિજય ભાટકર GTUના ૮મા પદવીદાન સમારંભમાં મુખ્ય મહેમાન તથા વક્તા તરીકે પધાર્યા હતા. તેમણે કોમ્પ્યુટર ક્ષેત્રમાં ભારતમાં થયેલ સંશોધનોની રસપ્રદ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે ભારત, ૨૦૨૨ સુધીમાં એડવાન્સ સુપર કોમ્પ્યુટર બનાવી અમેરિકા તથા ચીન જેવા દેશોની હરોળમાં આવી જશે. ભારતે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સી, સુપર કોમ્પ્યુટર, સાયબર સીક્યુરિટી અને રોબોટિક્સ જેવા ક્ષેત્રોમાં થતા રીસર્ચને વધારવાનું સૂચન પણ ડૉ. વિજય ભાટકરે કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરના ક્ષેત્રમાં નોકરી તથા સંશોધનનો બહોળો અવકાશ હોવાનું જણાવી, ભારતમાં સ્ટાર્ટઅપ તથા નોકરીના નવા ક્ષેત્રોની માહિતી આપી હતી. તેમણે એક્ઝા સ્કેલ સુપર કોમ્પ્યુટર વિષે જ્ઞાનસભર માહિતી પણ આપી હતી.

## સોલાર પ્લાન્ટ ઘરે લગાવશો તો લગાવવાનો ખર્ચ પાંચ વર્ષમાં વસુલાઈ જશે - સોલર પ્લાન્ટ એક્સપર્ટ સુબી રાજગોપાલન.

અમદાવાદની એચ. એલ. કોલેજ પ્રતિવર્ષ ધ બિઝનેસ ઓફ હ્યુમાનિટી અંગે સેમિનાર યોજે છે. આ વર્ષે અહીં એક સેમિનાર યોજાયો હતો જેમાં મુખ્ય પ્રવક્તા અને મહેમાન ચેન્નાઈના સેફવર્લ્ડ રુરલ સર્વિસિસના ડિરેક્ટર અને સોલાર પ્લાન્ટના એક્સપર્ટ એવા શ્રી સુબી રાજગોપાલન હતા. તેમણે વિજ ઉત્પાદનમાં સોલાર ઊર્જાના ઉપયોગની તરફેણ કરી હતી. ભવિષ્યમાં સમગ્ર વિશ્વ સૌર ઊર્જા આધારિત ઉપકરણો બનાવશે જે માનવજાત માટે પાયાની પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડશે. હાલમાં માત્ર એક ટકા લોકો જ ભારતમાં સૌર ઊર્જાનો ઉપયોગ કરે છે. તેમણે વધુમાં જણાવ્યું કે એક સ્ક્વેર મીટરમાં સોલારનો ૪૦ હજાર ખર્ચ થતો હોવાથી તે સામાન્ય જનને પોષાય તેમ નથી. પણ સોલારનું ભવિષ્ય વિચારીએ તો આ ખર્ચથી થતી બચતને આધારે માત્ર પાંચ વર્ષમાં તેનું વળતર મળી રહેશે. આ પ્રસંગે ખેડબ્રહ્મા ખાતે આવા એક સોલર પ્લાન્ટ અંગેની જાણકારી અમદાવાદ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર બીએમ શાહે આપી હતી. અહીં ૫૦ મકાનોમાં આ સૌર પ્રોજેક્ટથી વિજળી પૂરી પાડવામાં આવે છે.

## નેનો-સેટેલાઈટના નિર્માણ અને ઉપયોગ માટે ભારત વિશ્વના ૪૫ દેશોને જ્ઞાન આપશે.

સંદેશા વ્યવહાર તથા અવકાશીય વિદ્યુત-ચુંબકીય તરંગોની ગતિવિધી માટે વિવિધ પ્રકારના ઉપગ્રહો અવકાશમાં છોડવામાં આવે છે. તેમાં ભારેથી અતિભારે ઉપગ્રહો અવકાશમાં તરતા મૂકાયા છે. જે સમગ્ર વિશ્વ તથા બ્રહ્માંડના મોટા વિસ્તારોને કવર કરે છે. આ અંગે ખર્ચ તથા સમયગાળો ખૂબ જ મોટા હોય છે. આવા ગ્રહોમાંથી મળતી માહિતી ખૂબ જ મહત્વની હોય છે પણ આ અંગે વૈજ્ઞાનિકોને ઘણા ઘટના ક્રમમાંથી પસાર થવું પડે છે. આ ગ્રહોને અવકાશમાં મૂકવા માટે લોન્ચીંગ પેડ તથા બળતરણના ઉપકરણો ખૂબ જ ભારે હોય છે. પૃથ્વીના જે તે નાના વિસ્તાર અથવા સ્થાનિક સંદેશાવ્યવહાર માટે હવે ૧ થી ૧૦ કિલોગ્રામ વજનના ઉપગ્રહોનું નિર્માણ શરૂ થયું છે. આ અંગે ૧૯૬૮માં પ્રથમ યુનાઇટેડ નેશન કોન્ફરન્સ (UNISPACE+50)ની સ્થાપના થઈ હતી. વિશ્વમાં આ સંસ્થાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં તેની ઉજવણી ભારતમાં બેંગલુર ખાતે થઈ છે. જેમાં પ્રથમ તબક્કામાં ૧૭

દેશોમાંથી ૩૦ પ્રતિનિધિઓને આ અંગેનું જ્ઞાન અપાયું છે. ISROના ચેરમેન શિવને આ અંગે મીડિયાને માહિતી આપી હતી.

## સુમનકુમારી પાકિસ્તાનમાં પ્રથમ હિન્દુ મહિલા નાયાધીશ બન્યા.

પાકિસ્તાનના કુંભર-શહદાદકોટના સીંધ પ્રાંતમાંથી પાકિસ્તાનની ન્યાયપ્રણાલીમાં પ્રતિનિધિત્વ કરતા સુમનકુમારી પ્રથમ હિન્દુમહિલા તરીકે સીવીલ કોર્ટના ન્યાયાધીશ નિયુક્ત થયા છે. તેઓએ કરાંચી યુનિવર્સિટીમાંથી લૉની પદવી મેળવી હતી. સુમનકુમારીના પિતા ડૉ. પવનકુમાર બોદન આ પ્રદેશમાં આંખના નામાંકિત સ્પેશીયાલિસ્ટ તબીબત છે. તેમની ઇચ્છા હતી કે દિકરી મોટી થઈ આ વિસ્તારની હિન્દુ પ્રજાને ન્યાય અપાવવામાં સક્રીય થાય. બસ એમ જ થયું. સુમનકુમારીએ હિન્દુ તથા સ્થાનિક પ્રજાના અનેક ફોજદારી તથા સિવિલ કેસ લડ્યા હતા. તેઓ પાકિસ્તાનમાં એક નામાંકિત મહિલા વકીલ તરીકે ઊભરી આવ્યા હતા. તેમની આ સેવાકીય પ્રવૃત્તિને કારણે પાકિસ્તાન સરકારે તથા મુખ્ય ન્યાયમૂર્તિએ સુમનકુમારીને આ ન્યાયાધીશનો હોદ્દો આપ્યો હતો.

## રાષ્ટ્રનું નિર્માણ તેના સાહિત્યથી થાય છે. - સાહિત્યકાર, લેખક, સંઘ પ્રચારક શ્રી ચંદ્રશેખર ભંડારી

અખિલ ભારતીય સાહિત્ય પરિષદ ભારતના સાંસ્કૃતિક મૂલ્યો તથા તે અંગેના સાહિત્યના પ્રચાર-પ્રસારથી ભારતના નાગરિકોમાં રાષ્ટ્રભક્તિ નિર્માણ તથા અખંડિતતા માટે કાર્યરત છે. સંઘમાં ૫૦ વર્ષથી વધુ સેવા આપનાર તથા ૩૫થી પણ વધુ પુસ્તકોનું સાહિત્ય રાષ્ટ્રને સમર્પિત કરવા બદલ સંઘના પ્રચારક શ્રી ચંદ્રશેખર ભંડારીને ઉત્કૃષ્ટ સેવા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ પ્રસંગે RSSના સહકાર્યવાહ સ્રી દત્તાત્રેય હોસબેલ ઉપસ્થિત હતા. તેમણે રાષ્ટ્ર નિર્માણમાં સાહિત્યનું મૂલ્ય સમજાવ્યું હતું.

## અમેરિકાનાં યુવાનો તથા બાળકોમાં યોગ અને ધ્યાનના શિક્ષણનું આકર્ષણ વધ્યું

અમેરિકાની સ્વાસ્થ્ય સંસ્થા (NIH)ના રેપાર્ટમાં ધ્યાન અને યોગમાં લોકોની રસ-રૂચી વધી હોવાનું જાણવા મળ્યું છે. વ્યક્તિગત સ્વાસ્થ્યમાં યોગ અને ધ્યાનની ભૂમિકાનું મહત્વ જાણવા મળ્યું છે. અમેરિકામાં ૨૦૧૨થી ૨૦૧૭ સુધીમાં દ્યાન અને યોગમાં સ્વાસ્થ્ય અંગેની સભાનતામાં ૧૪ ટકાનો વધારો જોવા મળ્યો છે. અમેરિકાની NIHના ડાયરેક્ટર શ્રી શુર્ટલેફે આ માહિતી આપી હતી.

## ગુજરાતના સર્વશ્રેષ્ઠ આઉટબાઉન્ડ ટુર ઓપરેટરનો એવોર્ડ-ફ્લેમિંગો ટ્રાન્સવર્લ્ડ પ્રાઈવેટ લિમિટેડને મળ્યો.

ગુજરાતમાં ટ્રાવેલ્સ અંગેની વિવિધ સંસ્થાઓ કાર્યરત છે, જે ગુજરાત સહિતના ભારતભરના નાગરિકોને દેશ-વિદેશની પ્રવાસ-યાત્રા કરાવે છે. દેશના તથા વિદેશના દુર્ગમ તથા જોવા લાયક સ્થળોએ સહેલાણીઓને આવી સંસ્થાઓ ઉત્તમ સગવડો તથા સેવાઓ પૂરી પાડે છે. સહેલાણીઓને તેમના પ્રવાસની રકમનું પૂરું વળતર મળે તથા સંતોષ થાય તેવો પ્રયત્ન આ લિમિટેડ કરતી હોય છે. દેશ-વિદેશના વિવિધ સ્થળો અંગે આવી સંસ્થાઓ સંપૂર્ણ જ્ઞાન તથા સહકારથી સહેલાણીઓને સેવા પૂરી પાડે છે. જમીન, અવકાશ તથા પાણી પર મુસાફરી કરાવી આ સંસ્થાઓ વિકાસ પામી છે. ગુજરાતમાં પણ ટુર માટે આવી સંસ્થાઓએ લોકચાહના મેળવી છે. આવી સંસ્થાઓને પ્રોત્સાહન આપવા તથા ગુજરાત ટુરીઝમના વિકાસ માટે ગુજરાત સરકાર એવોર્ડ અર્પિત કરે છે. આ વર્ષનો આ સર્વશ્રેષ્ઠ આઉટ-બાઉન્ડ ટુર ઓપરેટરનો એવોર્ડ ફ્લિમિંગોને મળ્યો છે. ગુજરાત સરકારના મંત્રી શ્રી કૌશિક પટેલના વરદ હસ્તે ફ્લેમિંગોના શ્રી સંજય શાહ તથા શ્રીમતિ મિનાબેન શાહને અર્પણ થયો છે. સાથે સાથે શ્રીમતિ મિનાબેન શાહને બેસ્ટ લેડી એન્ટરપ્રિન્યોરશીપ ઓફ ગુજરાતનો પણ એવોર્ડ મળ્યો છે.

* * *